

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ગંદકીથી, રોગનો રાક્ષસ, તમે જ તેડાવ્યો છે,*
*નીતિનો વાડો ભ્રષ્ટાચારીથી તમે જ ભેલાવ્યો છે*
*મેલાવ્યો મલાજો ન્યાયનો, ખેલાવ્યો ખૂબ કાયદો -*
*બધાં ક્ષેત્રે, પ્રંજો પ્રદૂષણનો તમે જ ફેલાવ્યો છે...*
*(દિલ્હી 'સરકારો'ની ગૂંગળામણ)*

### હાઈકુ

*ભિંસાય પ્રજા,*
*અકસ્માતો અને -*
*ચોરી-લૂંટથી...*

*બંદોબસ્ત ને*
*નેતા - સરભરામાં,*
*પોલીસ વ્યસ્ત...*

### ચિંતન

*વૃત્તં યત્નેન સંરક્ષેદ્વિત્તમેતિ ચ યાતિ ચ ।*
*અક્ષીર્ણો વિત્તિતઃ ક્ષીણો વૃત્તતસ્તુ હતો હતઃ ॥*

ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.

ધન (વિત્ત) આવે છે અને જાય છે. (એની ચિંતા કરવાની ન હોય) પરંતુ સદાચાર (વૃત્ત) ની રક્ષા પ્રયત્નપૂર્વક કરવી જોઈએ. કેમ કે ધનથી ક્ષીણ બનેલો અક્ષીણ જ રહે છે, પરંતુ સદાચારથી રહિત બનેલો મનુષ્ય તો નષ્ટ થઈ જાય છે.

ધનનું કોઈ મૂલ્ય નથી, સદાચારનું જ મૂલ્ય છે. ધન તો આવે ને જાય, પરંતુ જો ચારિત્ર્ય (સદાચાર) જાય તો મનુષ્યનો સમૂળગો વિનાશ થઈ જાય છે.

અહીં 'વિત્ત' અને 'વૃત્ત' શબ્દનું મહત્ત્વ સમજાવ્યું છે વિત્ત એટલે ધન-સમૃદ્ધિ એ તો આવે ને જાય; એનું જીવનમાં બહુ મહત્ત્વ નથી - ધન જાય પછી થોડા વખત માણસ 'નબળો' પડી જાય.

પરંતુ વૃત્ત - સદાચાર જાય તો માણસનો તદ્દન 'નાશ' થાય છે. બદનામી એ વિનાશ જ છે.

### સુવિચાર

- શાણો માણસ તક ઝડપવા કરતાં નવી તક જાતે ઊભી કરે છે - **ફ્રાન્સીસ બેકન**
- પુસ્તકો એ કાળરૂપી સમુદ્રને પાર કરી જનારી નૌકા છે - **જનકલ્યાણ**
- હૃદય પર કલંકની કાલિમા ચોંટે તેના કરતાં ચહેરા પર શરમની લાલીમાં ચોંટે તે વધુ સારું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશુદ્ધ પ્રેમ એ જ યથાર્થ ધર્મ છે - **વલ્લભાચાર્ય**
- વાસ્તવનો સંપૂર્ણ બોધ છે તે જ્ઞાન, બધા પ્રકારના જ્ઞાનમાં ભેદતત્ત્વ તો રહેવું જ છે, અભેદ જ્ઞાન અશક્ય છે - **ઓશો**
- સતત સંઘર્ષ અને ધગશથી કરેલી સત્યની શોધ સિવાય બીજું કશું આરામ આપતું નથી - **વોલ્તેર**
- નદી પોતાના ઉદ્‌ગમ સ્થાને સૌથી વધુ પવિત્ર હોય છે - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : એક વાટકી દહીંમાં ૧૦-૧૨ તુલસીના પાન નાખી ને ખાવાથી એસીડીટમાં ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કેટલાક લોકો નાની એવી મુશ્કેલી કે પીડામાં પણ કાગારોળ મચાવી બૂમાબૂમ કરી અનેકને આસપાસ ઊભા રાખે છે તો કોઈક હસતા મુખે પીડા-તકલીફ સહન કરી આસપાસ પણ વાતાવરણ પ્રફુલ્લિત રાખે છે.

શેખ ફરીદ સાથે સંવાદ ચાલતો હતો. એક અનુયાયીએ પૂછ્યું મંસૂરના હાથપગ કપાયા આંખ ફોડવામાં આવી જતા ય 'હસતા' જ રહ્યા - કંઈ જ પીડા કે ફરિયાદ કેમ ન કરી? શું એમને વેદના પણ કાબૂ મેળવી લીધો હતો? કેવી રીતે?

શેખ ફરીદે કહ્યું, માણસ બે પ્રકારના હોય છે લીલાં નાળિયેર જેવા અને ખળખળયું - સૂંકા નાળિયેર જેવા. લીલાં નાળિયેરમાં કોપરું - છાલ ચીપકેલા જ રહે છે મુશ્કેલીથી અલગ થાય છે. સૂકાં નાળિયેરમાં કોપરું અલગ રહે છે.

મહાપુરુષો શરીરની વાસના - વેદનાથી આત્માને અલગ કરી નિર્લેપ થઈ જાય છે તેમને દુઃખ-સુખ પીડા અસર કરતાં નથી, સૂકાં નાળિયેર જેમ. જયારે સંસારીઓ સંસાર સાથે ચિપકેલા રહે છે તે વેદના - વાસનાથી અલગ થઈ શકતા નથી જેથી દુઃખ-પીડા અનુભવે છે.

# અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પથી ભારતને આશાવાદ

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ડેમોક્રેટિક ઉમેદવાર હિલેરી ક્લિન્ટનને હરાવીને ઐતિહાસિક વિજય મેળવ્યો છે. રાષ્ટ્રપતિ બનવા માટે ૨૭૦ ઈલેક્ટરલ વોટની જરૂર હોય છે. ટ્રમ્પે ૨૭૬ વોટ મેળવ્યા જયારે હિલેરીને માત્ર ૨૧૮ ઈલેક્ટરલ વોટ મળ્યા હતા. ૭૦ વર્ષના ટ્રમ્પ અમેરિકાના ૪૫ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યાં છે. ટ્રમ્પનું રાષ્ટ્રપતિ બનવું એ ભારતીયો માટે ફાયદાકારક રહેશે એવું માનવામાં આવી રહ્યું છે.

અલબત્ત, ટ્રમ્પે પોતાના વિજયી ભાષણમાં એવું કહ્યું હતું કે આપણે બધા સાથે મિત્રતા કરવાની છે, દુશ્મની નહીં. દરેક દેશ સાથે સારા સંબંધ રાખીશું. પરંતુ તેમ છતાં એ પણ સર્વવિદિત છે કે ટ્રમ્પ પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન પાકિસ્તાન પ્રતિ કડક વલણ દાખવી ચૂક્યા છે. તેમણે પાકિસ્તાનના પરમાણું હથિયારોને લઈને ચિંતા વ્યકત કરી હતી. પાકિસ્તાન એક અસ્થિર દેશ છે અને ત્યાં રહેલા પરમાણુ હથિયારોથી આખી દુનિયાને ખતરો છે એવું માનનારા ટ્રમ્પ કહી ચૂક્યા છે કે પ્રમાણે પાકિસ્તાને ૯/૧૧ પછી અનેકવાર દગો કર્યો છે, રાષ્ટ્રપતિ બન્યા પછી પાકિસ્તાનને દરેક ભૂલ માટે સજા આપીશ. જો ખરેખર એમ થાય તો પાકિસ્તાન સામે લડવા માટે ભારત અમેરિકાની મદદ કરી શકે છે.

ટ્રમ્પે ચૂંટણી પ્રચાર દરમિયાન ચીન તરફ પણ આકરું વલણ દાખવ્યું હતું. તેમણે પોતાની ચૂંટણી સભાઓમાં કહ્યું હતું કે આપણે આપણા પર્યાવરણ અને મજૂરીના સ્તરને સુધારવા માટે ચીનને મજબૂર કરીશુંલ ને ચીનને પોતાના કર્યાનું પરિણામ ભોગવવું પડશે.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ભારતીય મૂળના મતદારોનું દિલ જીતવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મશહૂર 'અબકી બાર મોદી સરકાર'ની નકલ કરીને 'અબકી બાર ટ્રમ્પ સરકાર' પોતાનું સુત્ર બનાવ્યું હતું. ટ્રમ્પ જાણે છે કે નરેન્દ્ર મોદી અપ્રવાસી ભારતીઓમાં ખુબ જ લોકપ્રિય છે; ભલે તે અમેરિકામાં રહેનારા હોય કે પછી ઓસ્ટ્રેલિયામાં. વળી, ટ્રમ્પ અનેક અવસરો ઉપર નરેન્દ્ર મોદી અને ભારતના વખાણ કરી ચૂક્યા છે. ટ્રમ્પે ભારતીયોમાં પણ હિન્દુ સમુદાયોના ખુબ વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દુનિયા અને અમેરિકાની સંસ્કૃતિના વિકાસમાં હિન્દુ સમુદાયનું ઉલ્લેખનીય યોગદાન રહ્યું છે.

ઉલ્લેખનીય બાબત એ પણ

**તંત્રીસ્થાનેથી...**

છે કે ટ્રમ્પના વિજય બાદ એક ટીવી ચૅનલ સાથે વાત કરતાં ટ્રમ્પના પુત્રએ પણ પિતાની વાતનો દોહરાવી હતી. તેમણે પોતાના પિતાના આ વિજય માટે ભારતીય મૂળના હિન્દુઓ અને હિન્દુસ્તાનીઓને પણ કારણભૂત જણાવ્યાં હતાં અને તેમનો આ સહકાર ટ્રમ્પ પરિવાર હંમેશાં યાદ રાખશે એવું નિવેદન આપ્યું હતું.

આમ, પિતા-પુત્ર બંનેએ અલગ-અલગ સમયે આપેલાં નિવેદનોમાં ભારત પ્રતિ તેમની સંવેદના સ્પષ્ટ જોઈ શકાય છે. વળી, ભારત ઉપરાંત અનેક અમેરિકી અને વિદેશી રાજકીય નિષ્ણાતોએ પણ એ બાબત દોહરાવી છે કે ડોનાલ્ડ ટ્રમ્પનું ભારત પ્રત્યેનું વલણ કૂણું છે ને રહેશે. નિષ્ણાતોના મતે ભારત સાથેના સંબંધો બાબતે પણ ટ્રમ્પ આશાવાદી છે ને ભારત તો અમેરિકા સાથેના સંબંધો વધુ સારા, વધુ મજબૂત થાય એવું ઈચ્છી જ રહ્યું છે.

આમ જોતાં લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પનું અમેરિકાના રાષ્ટ્રપતિ બનવું એ ભારતીયો માટે ક્યાંકના ક્યાંક ફાયદાકારક રહેશે.

# ખોટા લાડ કરવાથી બાળક પરાધીન બનવા લાગે છે

**નવોદિત કોલમ**
કાનન ઓઝા

બાળક સાથેના વર્તન વ્યવહારમાં શિક્ષિત માતાપિતા પણ ઘણીવાર ગોથું ખાઈ જાય છે. માતાપિતા સામાન્ય રીતે લાડને પ્રેમનો પર્યાય માને છે. એટલે બાળકને પ્રેમ આપતા-આપતા ખોટા લાડ કરાવવા સુધી પહોંચી જાય છે. આમ કરતાં તેઓ પ્રેમની સીમા વટાવી ચૂકે છે. અને જેની પાસે જવામાં ખતરો છે. એ ક્ષેત્રમાં પ્રવેશ્યા છે. એનું પણ ભાન તેમને રહેતું નથી. સાચો પ્રેમ અને ખોટાં લાડ વચ્ચેની ભેદરેખા પારખી ન શકવાને કારણે ખોટા લાડના ક્ષેત્રમાં થયેલા પ્રવેશ સાવ ધ્યાન બહાર જ રહે છે.

બાળકને જરુર હોય તે આપીએ તેમાં પ્રેમ છે, જરુર કરતા વધારે આપવું એ લાડ છે. મદદ કરવાનું કહે ત્યારે (જ) અને જરુરી (જ) મદદ કરીએ તેમાં પ્રેમ છે. બાળક જાતે કરતાં મથતું હોય ત્યારે વચ્ચે કૂદી પડીને તેને તે વસ્તુ કરી આપીએ તેમાં લાડ છે, બાળક દરેક સ્થળે, દરેક વખતે આવવા ઈચ્છા, ધમપછાડા કરે ત્યારે તે દરેક વખતે તેને સાથે લી જઈ એ તે લાડ છે. બાળકના સારા વર્તનની પ્રસંસા કરીએ તે પ્રેમ છે, બાળકની કોઈ સિદ્ધિ ન દેખાય તો પણ તેનાં વખાણ કરીએ તે લાડ છે. બાળક સ્વયં વિકસે તેમાં પ્રોત્સાહનને પ્રેમ છે. બાળકનો વિકાસ કરવા આપણે મંડી પડીએ તે લાડ છે. બાળક ટટ્ટાર ઊભા રહી શકે તે માટે અનુકૂળતા કરી આપવી તે પ્રેમ છે. બાળકને ટટ્ટાર ઊભા રહે તે માટે ટેકો આપ્યા જ કરવો તે લાડ છે.



પ્રેમમાં વિવેક ચૂકી જવાય તો તે લાડમાં - ખોટાં લાડમાં પરિણમે છે.

લાડ એ બાળકને પરાવલંબી બનાવે છે. લાડથી પોષાયેલો બાળકમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. લાડથી પોષાયેલું બાળક મોટું થઈને કાંઈ કરી શકતું નથી, તે સૌને અનુભવ છે. બચપણમાં કોઈએ જાતે કાંઈ કરવા દીધું હોતું નથી. એટલે તેની પાસે અનુભવ અને આત્મવિશ્વાસની મૂડી નથી હોતી, પરિણામે મોટી ઉંમરે નમાલુ બને છે.



બાળક માગે નહિ તો પણ વારેવારે બાળકને મદદ કરવા દોડી જતાં માવતરે ચેતવા જેવું છે. એ પ્રવૃત્તિ મૈત્રી પ્રવૃત્તિ નથી, પણ બાળકની સાથેની દુશ્મની છે. ઘણીવાર બાળક પાગળું અથવા વધુ આત્મવિશ્વાસ હોવાને લીધે આત્મહત્યા કરવા તરફ પ્રેરાય છે. આથી, દરેક વાલીએ પ્રેમ અને લાડ વચ્ચેનાં તફાવતને સમજી ને બાળકનો ઉછેર કરવો જોઈએ.

# 'વફાદારી અને રાષ્ટ્રભક્તિ' કયા ધર્મના વિશિષ્ટ નૈતિક સિદ્ધાંતો છે?

**ખજાનો**
અનિલ પટેલ



## સાંસ્કૃતિક વારસો

(૧) 'વફાદારી અને રાષ્ટ્રભક્તિ' કયા ધર્મના વિશિષ્ટ નૈતિક સિદ્ધાંતો છે?
(અ) જૈન (બ) બૌદ્ધ
(ક) શીખ (ડ) શિન્તો

(૨) બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના કોણે કરી?
(અ) દયાનંદ સરસ્વતી (બ) ઈશ્વર વિદ્યાસાગર
(ક) મદનમોહન માલવિયા (ડ) રવિન્દ્રનાથ ટાગોર

(૩) શંકર ગાંધર્વ મહાવિદ્યાલય કયાં આવેલું છે?
(અ) આબુ (રાજસ્થાન) (બ) નાથદ્વારા (રાજસ્થાન)
(ક) ગુરુવાયર (કેરળ) (ડ) ગ્વાલિયર (મ.પ્રદેશ)

(૪) 'શૃંગાર શતક', 'વૈરાગ્ય શતક', અને 'નીતિ શતક'ના રચયિતા કોણ છે?
(અ) ભર્તૃહરિ (બ) પાણિની
(ક) અશ્વઘોષ (ડ) આચાર્ય કપિલ

(૫) 'કામસૂત્ર'ના રચયિતા કોણ છે?
(અ) પાણિની (બ) વાત્સાયન
(ક) વહારમિહિર (ડ) વિષ્ણુ શર્મા

(૬) બિહુ કયા રાજયનું જાણીતું લોકનૃત્ય છે?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) અસમ (ડ) પં.બંગાળ

(૭) વિશ્વનો સૌથી લાંબો નૃત્ય મહોત્સવ કયો છે?
(અ) ગણેશ ચતુર્થી (બ) નવરાત્રિ
(ક) દુર્ગાષ્ઠમી (ડ) છઠપૂજા

(૮) કઈ હે નજીઓ સૂર્યપૂર્તિ તરીકે ઓળખાય છે?
(અ) રેવા, રૂદ્ર કન્યા (બ) યમુના - તાપી
(ક) ગંગા - યમુના (ડ) કૃષ્ણા ગોદાવરી

(૯) અયોધ્યા મથુરા, કાશી, કાંચી, અવન્તિકા, દ્વારકા, તથા સાતમી કઈ નગરી સપ્ત મોક્ષનગરીમાં ગણતરી થાય છે?
(અ) પુષ્કર (બ) નારાયણ સરોવર
(ક) હરિદ્વાર (ડ) અલ્હાબાદ

(૧૦) આદ્યગુરુ શંકરાચાર્યનો જન્મ કયાં થયો હતો?
(અ) તળાજા (ગુજરાત) (બ) કાલડી (કેરળ)
(ક) નવદ્વીપ ગામ (બંગાળ) (ડ) ભરતપુર (રાજસ્થાન

(૧૧) બંગાળના નવદ્વિપ ગામમા કયા મહાનુભાવનો જન્મ થયો હતો?
(અ) રવિન્દ્રનાથ ટાગોર (બ) સ્વામી વિવેકાનંદ
(ક) ચૈતન્ય મહાપ્રભુ (ડ) દયાનંદ સરસ્વતી

(૧૨) 'બુદ્ધ પૂર્ણિમા' ક્યારે મનાવવામાં આવે છે?
(અ) શરદ પૂર્ણિમા (બ) ચૈત્રી પૂર્ણિમા
(ક) વૈશાખ પૂર્ણિમા (ડ) ફાગણ પૂર્ણિમા

(૧૩) ભાદરવા સુદ પાંચમ કયા દિવસ તરીકે મનાવાય છે?
(અ) નાગપંચમી (બ) ઋષિ પંચમી
(ક) દેવ પંચમી (ડ) ધનપંચમી

(૧૪) 'પંચજન્ય' કોનું નામ છે?
(અ) દુર્ગાદેવીની તલવારનું (બ) શ્રીકૃષ્ણના શંખનું
(ક) ભીમની ગદાનું (ડ) રામના બાણનું

(૧૫) 'હર કી પૌડી' કયા ધાર્મિક સ્થળે આવેલ છે?
(અ) વૃંદાવન (બ) મથુરા
(ક) અયોધ્યા (ડ) હરિદ્વાર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૧ નવેમ્બર ૧૮૯૭ : ઓલપોર્ટ :** અમેરીકન હ્યુમાનીસ્ટ સાયકોલોજીસ્ટ તથા લેખક. પર્શનાલીટી પર નવી ટ્રેઈટ થિયરી આપનાર
- **૧૧ નવેમ્બર ૧૮૫૫ : વાસ્તો મેલવીન સ્લીપર :** અમેરીકન ખગોળશાસ્ત્રી, સ્પાઈરલ ગેલેક્સી પર સંશોધન કાર્ડ
- **૧૨ નવેમ્બર ૧૮૭૧ : એરીચ ટેચમાર્ક વોન સેયસંગ :** ઓસ્ટ્રેલિયન ખેતી નિષ્ણાત. જિનેટીકસ પર સંશોધન કરનાર
- **૧૨ નવેમ્બર ૧૮૪૨ : સર જ્હોન વિલિયમ સ્ટ્રટ :** ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી, ઓર્ગેન અને નિષ્ક્રિય વાયુઓ પરના સંશોધન માટે ૧૯૦૪માં નોબેલ પ્રાઈઝ મેળવનાર
- **૧૩ નવેમ્બર ૧૯૯૯ : સર વિવિયન અર્નેસ્ટ ફુચ :** ઈંગ્લીશ જીઓલોજીસ્ટ ઈસ્ટ ગ્રીનલેન્ડ અને ઈસ્ટ આફ્રિકન સરોવરો સંદર્ભે અભ્યાસ કરનાર
- **૧૩ નવેમ્બર ૧૯૧૦ : હેલન હેરીક માલ્સીડ :** અમેરીકન ટોઈસ (રમકડાં) બનાવનાર. સ્લીન્કી ડોગ અને સ્લિન્કી ટ્રેઈન ફેમસ રમકડાં હતા.
- **૧૪ નવેમ્બર ૧૮૭૩ : લિયો હેન્ડરીક બેકલેન્ડ :** બેલ્જિયમ - અમેરીકન ઈન્ડ્રસ્ટ્રીયલ કેમિસ્ટ, થર્મોસ્ટ્રેટીંગ પ્લાસ્ટિકની શોધ કરનાર
- **૧૪ નવેમ્બર ૧૮૦૭ : ઓગસ્ટ લ્યુરન્ટ :** ફ્રેન્ચ કેમિસ્ટ ઓર્ગેનીક કેમિસ્ટ્રીની શરુઆત કરનાર
- **૧૫ નવેમ્બર ૧૭૯૩ : મિચેલ ચાર્લ્સ :** ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી. 'મોર્ડન પ્રોજેક્ટીવ જીઓમેટ્રી' થિયરી પર કામ કરનાર.
- **૧૫ નવેમ્બર ૧૭૩૮ :** જર્મનીમાં જન્મેલા - બ્રિટીશ ખગોળશાસ્ત્રી. ૧૭૭૩માં જાતે બનાવેલ ટેલિસ્કોપથી વેધશાળામાં સંશોધન કરનાર.
- **૧૬ નવેમ્બર ૧૮૫૨ : મોક્સીમિલન વોન ફેરી :** ઓસ્ટ્રેલિયન ફીજીઓલોજીસ્ટ, શરીરમાં ગરમી, ઠંડી, દબાવ જેવી સંવેદનાઓ પર સંશોધન કરનાર
- **૧૬ નવેમ્બર ૧૮૪૧ : જુલ્સ - લૂઈસ ગેબ્રીલ વિયોલે :** ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી. સૂર્ય પર થતા વાયુઓના દબાણ અને તેના પ્રભાવ પર સંશોધન કરનાર
- **૧૭ નવેમ્બર ૧૮૬૫ : જ્હોન સ્ટેન્લી પ્લાસ્કેટ :** કેનેડીયન એસ્ટ્રોનોમર 'સ્પેક્ટોગ્રાફ' ડિઝાઈન કરનાર.

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : તાજેતરમાં કયા પૂર્વ સૈનિકે 'વન રેંક વન પેન્શન' ના હક્ક માટે આત્મહત્યા કરી?**

**જવાબ : રામકિશન ગ્રેવાલ**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) રેખા એમ. જાદવ : રાયસણ
(૫) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફોસીટી, જુનિયર સાયંસ કોલેજ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કેન્દ્ર સરકારમાં હાલ રાજય-ગૃહમંત્રી તરીકેનો કાર્યભાર કોણ સંભાળે છે?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) ડ (૨) ક (૩) ડ (૪) અ (૫) બ (૬) ક (૭) બ (૮) અ (૯) ક (૧૦) બ (૧૧) ક (૧૨) ક (૧૩) બ (૧૪) બ (૧૫) ડ

# એક સમ્રાટનું હૃદયપરિવર્તન

**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા





મગધ સમ્રાટ બિંબિસારને મહારાણી સુભદ્રાંગીથી ઈ.પૂ. ૩૦૪માં પુત્ર અશોકનો જન્મ થયો. મહારાજ પાટલિપુત્રમાં લગભગ પૂરા ભારતમાં શાસન ચલાવતા. અશોક સાહસી, પરાક્રમી અને દૃઢનિર્ણય શક્તિવાળો હતો. શત્રુઓને નિર્દયતાથી કચડી નાખતો. એટલે લોકો એને 'ચંડાશોક' કહેતા. કોઈ સ્થલે વિપ્લવની સ્થિતિ સર્જાય, તો મહારાજ એને મોકલી આપતા.

આવો જ એક જનતાનો વિપ્લવ બિંબિસારના ઉજ્જૈન ખાતેના પ્રતિનિધિ-શાસક સામે ફાટી નીકળ્યો. મહારાજે અશોકને ઉજ્જૈન જવા રવાના કર્યો. માર્ગમાં વિદિશા નગરી આવી. સાંજ પડી હતી એટલે અશોકે અહીં પડાવ નાખ્યો. અહીં એની મુલાકાત ધનાઢ્ય નગરશેઠની દીકરી વિદિશા સાથે થઈ. અશોક બીજા દિવસે નગરશેઠ પાસે લગ્ન પ્રસ્તાવ મૂક્યો. શેઠે સંમતિ આપી લગ્ન કરાવી આપ્યા.

અશોક વિદિશા સાથે ઉજ્જૈન પહોંચ્યો. એણે જુલ્મી શાસકને મારીને વિજય મેળવ્યો. લોકોએ રાજી થઈને એનું ભવ્ય સ્વાગત કર્યું. તે ઉદાસ હતી. તેણે અશોકને જણાવ્યું. હું બુદ્ધના ઉપદેશને માનું છું. તમારો આ હિંસાનો માર્ગ મને પસંદ નથી. બિંબિસાર પણ આ ઉપદેશ મુજબ શાંતિના ચાહક છે. 'વિદિશાએ સ્પષ્ટતા કરી.'

ત્યાર પછી એમને બે સંતાનો થયાં - મહીન્દ્ર અને બે વર્ષ પછી સંઘમિત્રા.

અશોકને સમાચાર મળ્યા - પાટલિપુત્રમાં પિતાજી બિમાર છે. એને વિદિશાને સૂચન કર્યું. 'હું તમને ત્રણેયને નગરી વિદિશામાં મૂકી જાઉં. પછી પાટલિપુત્રથી તમને બોલાવી લઈશ.' વિદિશા એ સંમતિ આપી; પણ શરત કરી કે અશોકે હિંસાનો માર્ગ છોડી દેવાનો.

અશોક પાટલિપુત્ર પહોંચ્યો. મહારાજનું અવસાન થયું હતું. એના નાનાભાઈઓ સત્તા કબજે કરવા લડાઈ કરતા હતા. અશોક વિદિશાને આપેલી શરત ભૂલી ગયો. જે ભાઈઓ પોતાને શરણે ના આવ્યા એમની કતલ કરી નાખી.

ઈ.પૂર્વે. ૨૭૦માં એનો રાજ્યાભિષેક થયો.



જેમની કતલ કરેલી એવા એક નાના ભાઈની પત્ની સુમનાદેવી જંગલમાં નાસી ગઈ. તે સગર્ભા હતી. એને વડ નીચે પુત્ર જન્મ્યો. એણે ન્યગ્રોધ નામ રાખ્યું. આ પુત્રે બાર વર્ષની વયે બૌદ્ધ દિક્ષા લઈ લીધી.

કોઈ દેખીતા કારણ વગર અશોકે કલિંગ પર આક્રમણ કર્યું. વિજય તો મળ્યો. પરંતુ મહાસંહારે જે ત્રાસદાયી વિનાશલીલા પાથરી, એનાથી પહેલીવાર અશોક થથરી ગયો. એવામાં વિદિશા એ 'તમે' શરતભંગ કર્યો છે. ' એમ કહીને બાળકો સોંપી દીધા, અને પોતે બૌદ્ધ દિક્ષા લઈ લીધી. અશોકે તાત્કાલિક કાયમ માટે શસ્ત્રત્યાગ કરી દીધો. અને ઓચિંતો ન્યગ્રોધ મળી ગયો. એને આશ્ચર્ય થયું. 'મેં એના પિતાની કતકલ કરી છે, પણ આને મારે માટે તિરસ્કાર નથી.' એણે ગુરુપદે સ્થાપ્યો. ન્યગ્રોધે દિક્ષામંત્ર આપ્યો - 'હું બુદ્ધને, ધર્મને અને સંઘને શરણે છું.' પછી તો મહીન્દ્ર અને સંઘમિત્રાએ દિક્ષા લીધી; તેઓ પ્રચાર માટે શ્રીલંકા જતા રહ્યાં. તે 'તે ધર્માશોક' બની ગયો.

અશોકે ત્યાર પછી ત્રીસ વર્ષ શાસન કર્યું. એનો જીવનમંત્ર હતો. લોકોપયોગી સેવા કાર્યો, ધર્મપ્રચાર અને સુશાસન. ઈ.પૂ. ૨૩૨ માં દેહત્યાગ થયો ત્યાં સુધી નિષ્ઠાપૂર્વક આ મંત્રોને પાળતો રહ્યો. વિશ્રામગૃહો, ઔષધાલયો, સ્તૂપ, ચૈત્ય, સ્તંભ, શિલાલેખ - બધાં નિર્માણ કાર્યો ચાલુ રાખ્યા. એ દેવોનાં પ્રિય - દેવોને પણ પ્રિય - બન્યો. પ્રિયદર્શી - જે કાંઈ જુએ તેને પ્રિય માને - થયો.

સારનાથના સ્તંભ ઉપર ચાર સિંહમુખ છે. તે ભારતની રાજમુદ્રા છે. તેમાં અશોકચદ્ર છે. તેનું સ્થાન રાષ્ટ્રધ્વજમાં છે. ચક્રમાં ૨૪ આરાઓ છે; એ જીવનમાં ઉતારવાના ૨૪ સદ્‌ગુણો છે - પ્રેમ, હિંમત, ધીરજ, શાંતિ, દયા, ભલાઈ, વિશ્વાસ, નમ્રતા, સંમય, નિઃશ્વાર્થ, સત્ય, યોગ્યતા, ન્યાય, સમભાવ, ઉદાત્તતા, માનવતા, સહાનુભૂતિ, સમતા, જ્ઞાન, ડહાપણ, નીતિમત્તા, પ્રાણી પ્રેમ, આશા અને ત્યાગ.

એક સમ્રાટના હૃદયપરિવર્તનની આ ઘટના ખરેખર પ્રેરણાદાયી છે - ચંડાશોકમાંથી ધર્માશોક.